City Pride

ટ્રેનિંગ પ્રોગ્રામમાં મહિલાઓનો પણ સમાવેશ

# EDIIએ 4 વર્ષમાં 58,887 આંત્રપ્રિન્યોરને તાલીમ આપી

## ઈડીઆઇઆઇએ ભારત સરકાર સાથે મળીને બિનકૃષિ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે તાલીમ આપી




**સિટી લાઈફ** ›› છેલ્લા દોઢ વર્ષથી દેશમાં કોરોનાને લીધે ધંધા-ઉદ્યોગો ઠપ થઈ જતાં અનેક લોકોની રોજગારી પર માઠી અસરો પહોંચી છે. પરંતુ આ વચ્ચે ઘણા એવા અશિક્ષિત લોકોની રોજગારી મળી રહી છે. ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના દિનદયાળ અંત્યોદય યોજના - નેશનલ રુરલ લાઈલીહૂડ મિશન (ડીએવાય-એનઆરએલએમ)ની પેટા યોજના સ્ટાર્ટ-અપ વિલેજ આંત્રપ્રિન્યોરશિપ પ્રોગ્રામ (એસવીઈપી) અંતર્ગત ૫૮,૮૮૭ ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને આંત્રપિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા બિનકૃષિ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે તાલીમ આપી છે. આ સાથે ૧૫ સ્ટેટ રુરલ લાઈલીહૂડ મિશન (એસઆરએલએમ) સાથે જોડાણ કર્યું છે.જેમાં તાલીમ મેળવીને લોકો વિવિધ વસ્તુનું ઉત્પાદન કરીને રોજગારી મેળવી રહ્યાં છે.

### ૧૫ રાજ્યોના ૭૫ તાલુકાના લોકોને તાલીમ આપી રોજગારીનું સર્જન કરાયું

આ પ્રોગ્રામ અંતર્ગત ભારતના ૧૫ રાજ્યોના તમામ ૭૫ તાલુકાઓને આવરી લેવામાં આવ્યા છે, જેનો મુખ્ય ઉદ્દેશ સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિક્તાને પ્રોત્સાહન આપવાનો તથા આ સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિક્તાને વેગ મળે અને લાંબા ગાળે જળવાઈ રહે એવી ઇકોસિસ્ટમ ઊભી કરવાનો છે. ૪-વર્ષના કાર્યક્રમનો અમલ વર્ષ ૨૦૧૬માં શરૂ થયો હતો. અત્યાર સુધી ૫૮,૮૮૭ લોકોને તાલીમ આપવામાં આવી છે અને ૫૭૧૮૪ સૂક્ષ્મ ઉદ્યોગસાહસિક્તા (ગ્રૂપ ઉદ્યોગ સાહસિક્તા સહિત)ને આ કાર્યક્રમ અંતર્ગત પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ૧૦૩૪ કમ્યૂનિટી રિસોર્સ પર્સન ઋ એન્ટરપ્રાઇઝ પ્રમોશન (સીઆરપી-ઇપી)ને ગ્રામીણ સ્તરે બિઝનેસ કન્સલ્ટન્ટ્સ તરીકે તાલીમ આપે છે. એસવીઇપી-ઇડીઆઇ આઈના પ્રોજેક્ટ હેડ રાજેશ ગુપ્તાએ કહ્યું કે, ગ્રામીણ ભારતનું અર્થતંત્ર હજુ પણ મુખ્યત્વે કૃષિ પર આધારિત છે અને અનૌપચારિક ક્ષેત્રો પર ચાલે છે. આ પ્રકારના ઘણા ઉદ્યોગ સાહસિકો વ્યવસાયને વધારવા સાધનો અને સંસાધનોનો અભાવ છે.